- **ખાલી જગ્યા પૂરો.**

1. તદ્દન જુદા પર્યાવરણમાં ઉછર્યાં હોવા છતાં ......................... ની બુદ્ધિમાં અત્યંત સામ્ય હોય છે. – એકદળ જોડકાં બાળકો
2. ........................... મનોવૈજ્ઞાનિકે ૮ પ્રકારની બુદ્ધિઓ સૂચવી છે. – ગાર્ડનર નામના
3. .......................... મુજબ ત્રિપુટી વડે બુદ્ધિનો સંપૂર્ણ ખ્યાલ મળે છે. – સ્ટર્નબર્ગના મત
4. બુદ્ધિ વિશેનો ......................... મત સામાજિક, આવેગિક અને કર્તૃત્વલક્ષી પમ છે. – ભારતીય
5. ધીમંતની શારીરિક વય ૮ વર્ષ છે અને તેનો બુદ્ધિઆંક ૧૨૫ છે. તેથી તેની માનસિક વય ........................ વર્ષ હશે. – ૧૦
6. પહેલી બુદ્ધિકસોટી ........................ ભાષામાં, ........................... અને ............................... મનોવૈજ્ઞાનિકોએ રચી. – ફ્રેંચ, બિને, સાયમન નામના
7. સામાન્ય વસતીમાં ૯૦ થી ૧૦૯ બુદ્ધિઆંકવાળી વ્યક્તિઓની સંખ્યા ....................... હોય છે. – ૫૦ ટકા
8. ......................... ઉચ્ચ બુદ્ધિ, ઉચ્ચ સર્જકતા અને ઉચ્ચ પ્રેરણાની આંતરક્રિયા પર અવલંબે છે. – પ્રતિભા સંપન્નતા
9. મધ્યમ કક્ષાએ મંદબુદ્ધિવાળાં બાળકોનો બુદ્ધિઆંક ........................ અને ........................ વચ્ચેનો હોય છે. – ૩૫, ૪૯
10. વ્યક્તિમાં સુષુપ્ત રૂપે પડેલી, વિશિષ્ટ પ્રકારનું કાર્ય કરવાની શક્તિ તે ................. છે. – અભિયોગ્યતા
11. ડીએટી કસોટી સમૂહ ...................... માટે વપરાય છે. – શિક્ષણક્ષેત્રે માર્ગદર્શન
12. ‘તારા સ્વને જાણ’ એ સંદેશો ................ માં પણ તત્વજ્ઞાન જેટલો જ મહત્વનો છે. – મનોવિજ્ઞાન
13. ‘સ્વ’ વિશે બે રીતે વાત કરી શકાયઃ કર્તા તરીકે અને ........................ તરીકે. – વિષયવસ્તુ
14. ભારતીય મત મુજબ ‘સ્વ’ કર્તા નથી, માત્ર ............................. છે. – સાક્ષી કે દ્રષ્ટા
15. ઊપજેલી પ્રેરણાની તૃપ્તિમાં વિલંબ કરવાનું શીખવું એટલે ...................... – સ્વનિયમન
16. પ્રતિક્રિયા ઉદ્દીપકથી ઊપજે છે, તેથી વર્તનને અંકુશમાં લેવા માટે .................... જોઇએ. – ઉદ્દીપકનું નિયંત્રણ
17. વ્યક્તિત્વ વિશેનો લૌકિક ખ્યાલ વ્યક્તિ વિશેની ...................... પર આધારિત હોય છે. – પહેલી છાપ
18. ક્રેશ્મર અને શેલ્ડને ...................... ના આધારે વ્યક્તિત્વના પ્રકારો આપ્યા છે. – શરીરના બાંધા
19. યુંગે ...................... ના આધારે વ્યક્તિત્વના બે પ્રકારો આપ્યા છે. – પ્રવૃત્તિની દિશા
20. અહિંસા એ ગાંધીજીનો .......................... ગુણ હતો. – મૂળભૂત
21. વ્યક્તિત્વના ....................... અભિગમમાં ફ્રોઈડનો ફાળો સૌથી મોટો છે. – મનોગત્યાત્મક
22. ફ્રોઈડ મુજબ સભાનતાની ૩ કક્ષાઓ છેઃ સંપૂર્ણ સભાનતા, ............................ અને અજ્ઞાન મનોવ્યાપારો. – અર્ધજ્ઞાન કે પૂર્વજ્ઞાન મનોવ્યાપારો
23. છોકરામાં પિતા પ્રત્યે દ્વેષ અને માતા માટે આકર્ષણ તેની ............................. ગ્રંથિને કારણે ઉદ્‌ભવે છે. – ઈડિપસ
24. છોકરીમાં માતા પ્રત્યે દ્વેષ અને પિતા માટે આકર્ષણ તેની ............................... ગ્રંથિને કારણે ઉદ્‌ભવે છે. – ઈલેક્ટ્રા
25. હજારો રોકાણકારોએ પૈસા ગુમાવ્યા પછી પણ ‘શેરબજારમાં નાણાં રોકવામાં જોખમ છે જ નહિ’ એમ કહેનાર સરકારી અધિકારી .................... બચાવ પ્રયુક્તિનો આશરો લે છે. – ઈનકાર કે અસ્વીકાર
26. ‘હરવા – ફરવાનો હક મૂળભૂત માનવ અધિકાર હોવાથી આતંકવાદીઓને ગમે ત્યાં જવાની છૂટ હોવી જોઇએ’ એમ કહેનાર વ્યક્તિ ...................... ની બચાવપ્રયુક્તિનો આશરો લે છે. – વિરુદ્ધ પ્રતિક્રિયા કે વિરોધી ભાવધારણ
27. કામોત્તેજક વસ્ત્રો પહેરનાર યુવતી ‘પુરુષોની ગંદી નજર’ ની ફરિયાદ કરતી વખતે ......................... ની બચાવપ્રયુક્તિનો ઉપયોગ કરે છે. – પ્રક્ષેપણ
28. યુંગે .............................. અવેચતન ઉપર ભાર મૂકયો છે. – વ્યક્તિગત
29. ..................... મુજબ દરેક માણસમાં પસંદ કરવાની કે સર્જવાની શક્તિ હોય છે. – એડલરના
30. હોર્ની પ્રમાણે બાળઉછેરની સમતોલ શૈલી વડે વ્યક્તિત્વનો ................. વિકાસ થાય છે. – સમતોલ
31. સ્કિનર મુજબ જેને ................ મળે એ વર્તનના પુનરાવર્તન વડે વ્યક્તિત્વ વિકસે છે. – પ્રબલન
32. ............... મુજબ દરેક વ્યક્તિ સંપૂર્ણ રીતે કાર્યરત બનવાનું અને રહેવાનું ધ્યેય ધરાવે છે. – કાર્લ રોજર્સ
33. રોજર્સ મુજબ વ્યક્તિના સ્વ ખ્યાલ અને તેના અનુભવો ........................ હોય ત્યારે તેનું સમાયોજન સારું હોય છે. – સુસંગત
34. મેસ્લો કહે છે કે સ્વસાર્થકતા પ્રાપ્ત કરવી એટલે પોતાની .................. ને કાર્યાન્વિત કરવી. – સુપ્તશક્તિ
35. માનવવાદી અભિગમ જીવનનાં ................ પાસાંની અગત્ય દર્શાવે છે. – વિધાયક

Astha Academy Mo.8980961441

36.ભારતીય મતે વ્યક્તિત્વમાં ત્રણ ગુણો રહેલા છેઃ ......................., ........................ અને ....................... . – સત્વ, રજસ અને તમસ્

37................. મુલાકાતમાં ચોક્કસ કાર્યવાહી અને વિશિષ્ટ પ્રશ્નો પહેલેથી તૈયાર કરાય છે. – રચિત

38.મૂલ્યાંકન તુલામાં ....................... અને ......................... ની ભૂલો ઉદ્દભવી શકે છે.
– સમગ્રતાની કે પ્રભાવની અસર, મધ્યવર્તી વલણ

39.વ્યક્તિત્વનાં અજ્ઞાત બળોને ઓળખવા માટે .................. વિકસાવવામાં આવી છે. – પ્રક્ષેપણ પ્રવિધિઓ

40.પ્રક્ષેપણ પ્રયુક્તિઓમાં ઉદ્દીપક સામગ્રીનું માળખું ........................ હોય છે. – અસ્પષ્ટ

41.રોરશાક પ્રવિધીના બે ભાગ છેઃ ...................... અને ..................... – કર્તૃત્વ, અન્વેષણ

42.................. પ્રવિધિમાં વ્યક્તિએ ચિત્રો જોઈને રચેલી વાર્તાઓના વિષયના આધારે તેનું વ્યક્તિત્વ ઓળખાય છે. – વિષય અધિપ્રત્યક્ષ

43................. શોધનિકા વર્તનવિકૃતિના પ્રકારોના સંદર્ભમાં વ્યક્તિત્વની આકારણી કરે છે.
– મીનેસોટા વિવિધલક્ષી વ્યક્તિત્વ

44.આઈઝેન્કની પ્રશ્નાવલિમાં વ્યક્તિત્વના ....................... અને ....................... આવેગીય પરિમાણ માપવામાં આવે છે. – સ્થિર, અસ્થિર

45.................... શોધનિકામાં ......................... મનોવૈજ્ઞાનિકે ઘટક વિશ્લેષણથી શોધેલા વ્યક્તિત્વઘટકો મપાય છે. – ૧૬ વ્યક્તિત્વ ઘટકોની, કેટલ

46. જૂથ બે કે તેથી વધુ વયક્તિઓનું બનેલું ................ એકમ છે. – સામાજિક

47.જૂથ અસ્તિત્વમાં આવવા માટેની અનિવાર્ય શરત સભ્યો વચ્ચેની ....................... છે. – આંતરક્રિયા

48.પ્રાથમિક જૂથનું મહત્વનું લક્ષણ .................. અને ……………. સંબંધ છે. – મોઢામોઢનો, નિકટનો

49.ઔપચારિક જૂથો મહદંશે .................. જૂથો છે. – ગૌણ

50.અનુરૂપતા મુખ્યત્વે ........................... ને વશ થવાની પ્રક્રિયા છે. – જૂથ દબાણ

51.નેતૃત્વ એ ........................ પ્રક્રિયા છે. – સામાજિક

52. ...................... નેતા જૂથના લક્ષ્ય ખાતર વ્યક્તિગત સ્વાર્થનું બલિદાન આપે છે. – કરિશ્માતી

53.મનોવલણો સાપેક્ષ રીતે ..................... હોય છે. – સ્થિર

54.મનોવલણો વિચારણા અને ..................... ને દોરે છે. – વર્તન

55.વિવિધ પ્રકારની શિક્ષણ પદ્ધતિઓ દ્વારા મનોવલણો .................. થાય છે. – સંપાદિત

56. મનોવલણના ત્રણેય ઘટકો એક જ દિશામાં હોય ત્યારે તેમાં .................... લાવવું મુશ્કેલ હોય છે.
– પરિવર્તન

57..................... ની તુલાને સંમિમિલત મૂલ્યકરણની તુલા કહેવામાં આવે છે. – લિકર્ટ

58.પૂર્વગ્રહ જ્યારે બાહ્ય વર્તનમાં અભિવ્યક્ત થાય છે ત્યારે તેને .................. કહે છે. – ભેદભાવ

59.પૂર્વગ્રહ એ અમુક જૂથ પ્રત્યેનું .................... અને ...................... મનોવલણ છે. – નિષેધક, પક્ષપાતી

60.રૂઢખ્યાલો સામાજિક જૂથોમાં રહેલી .......................... ને અવગણે છે. – વિવિધતા

61.................... આરોપણના સિદ્ધાંતનો સ્થાપક છે. – ફ્રીત્ઝ હાઈડર

62.સમાજાભિમુખ વર્તન અન્ય લોકોને અને સમાજને ..................... હોય છે. – લાભકર્તા

63.સમાયોજન એ આપણી ............. અને આપણા ................. વચ્ચે ચાલતી આંતરક્રિયાનું પરિણામ છે.
– જાત, પર્યાવરણ

64.મનોભાર આધારિત શારીરિક પ્રતિક્રિયાનું ઉદ્દભવસ્થાન મગજમાં આવેલ ............... છે. – હાઈપોથેલેમસ

65.મનોભાર એક ..................... સમસ્યા બની ચૂકી છે. – પુનરાવર્તિત

66.ધરતીકંપ એ ................. મનોભારક છે, જ્યારે હતાશા એ ................. મનોભારક છે.
– પર્યાવરણજન્ય, મનોવૈજ્ઞાનિક

67................... મનોભાર વ્યક્તિ માટે અંગત અને વિશિષ્ટ હોય છે. – મનોવૈજ્ઞાનિક

68......................પ્રવિધિમાં વ્યક્તિ મનોભાર સાથે પ્રત્યક્ષ કામ કરે છે. – સમસ્યાકેન્દ્રિત

69................ અંતઃસ્ત્રાવી ગ્રંથિઓની અભ્યાસી હતો. – હાન્સ સેલી

70.વિધાયક સ્વાસ્થ્ય અને સુખાકારીને સુસાધ્ય બનાવતા મુખ્ય ઘટકો છેઃ (૧) ........................ અને
(૨) ...................... – આહાર, કસરત

71.મનોરોગો માટેનું આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ ................... સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવે છે.
– વિશ્વ આરોગ્ય

72.અસાધારણ વર્તન જન્મવા માટે ......................., ........................... અને .......................... કારણો જવાબદાર હોય છે. – જૈવિક ઘટકો, મનોવૈજ્ઞાનિક ઘટકો, સામાજિક – સાંસ્કૃતિક ઘટકો

Astha Academy Mo.8980961441

73.અસાધારણ વર્તન જન્માવનારા ઘટકોને પૂર્વપ્રવર્તક ઘટકો અને ................... ઘટકો તરીકે પણ ઓળખવામાં આવે છે. – અવક્ષેપક

74.સામાન્યીકૃત ચિંતાને બીજા ........................ નામે પણ ઓળખવામાં આવે છે.
– મુક્ત રીતે તર્યા કરતી ચિંતાના

75.ભયની વિકૃતિના મુખ્ય .................... પ્રકારો પાડવામાં આવે છે. – ત્રણ

76.................. પ્રકારની વિકૃતિમાં ખિન્નતા અને ઉન્મત્તતા બંનેના તબક્કાઓ જોવા મળે છે. – દ્વિધ્રુવી વિકૃતિ

77.આહારસંબંધી વિકૃતિઓના ................... અને ................. એવા બે પ્રકારો પાડવામાં આવે છે.
– આહારસંબંધી અરુચિ, ખાઉધરાપણું

78. મનોદુર્બળ બાળકોનો બુદ્ધિઆંક ...................... કે તેથી ઓછો હોય છે. – ૭૦

79.મનોપચારમાં ................... પદ્ધતિઓથી આવેગાત્મક અને અસમાયોજિત વર્તનનો ઉપચાર કરવામાં આવે છે. – મનોવૈજ્ઞાનિક

80................... ૧૯૩૫ માં વ્યાવસાયિક રીતે મગજની શસ્ત્રક્રિયાની શરૂઆત કરી. – મોનિઝે

81.ફ્રોઈડની મનોવિશ્લેષણ ઉપચાર પદ્ધતિમાં .................. અને ........................ નો ઉપયોગ કરવામાં આવે છે. – મુક્ત સાહચર્ય, સ્વપ્ન અર્થઘટન

82.ફ્રોઈડના મત મુજબ ................... એ અજાગ્રસ્ત મનના રાજમાર્ગો છે. – સ્વપ્નો

83.................. અને ................... વર્તન ઉપચાર એવું નામ આપ્યું. – લિન્ડસ્લે, સ્કિનરે

84.બોધાત્મક ઉપચાર પદ્ધતિની શરૂઆત કરનારાઓમાં ...................... અને ................... ને મુખ્ય ગણાવી શકાય. – આલ્બર્ટ એલિસ, અરોન બેક

85.મહર્ષિ .................... યોગની સમજૂતી .................... માં વ્યવસ્થિત રીતે આપી છે.
– પતંજલિએ, યોગસૂત્ર

86.................... ધ્યાનને લીધે મગજના વિવિધ ભાગોમાંથી ઊપજતાં મોજામાં એકરૂપતા આવવાથી તે એકસાથે જ ઊપજે છે. – ભાવાગીત

87.................... પર્યાવરણમાં સામાજિક ધોરણો, રિવાજો અને સમાજીકરણનો સમાવેશ થાય છે.
– સામાજિક – સાંસ્કૃતિક

88.લેવિનના મત મુજબ, જીવન અવકાશ (Life Space) L = ................... + ................. - E, P

89........................ પ્રદૂષણ ધ્યાનની એકાગ્રતા પર અસર કરે છે. – ઘોંઘાટનું

90.પર્યાવરણ ..................... પર અને માનવ પ્રવૃત્તિઓ ...................... પર અસર કરે છે.
– માનવવર્તન, પર્યાવરમ

91. પર્યાવરમ અભિમુખ વર્તનને પ્રોત્સાહિત કરવા સમાજ મનોવૈજ્ઞાનિકોએ લોકોના ................ માં પરિવર્તન કરવું જોઇએ. – મનોવલણ

92.સંસ્થાના હેતુને પૂર્ણ કરવા માટે તેના બંધારણીય માળખા અને ......................... વચ્ચે સંકલન અનિવાર્ય છે. – માનવીય પાસાં

93.સંસ્થામાં શ્રમનું વિભાજન ...................... હોય છે. – કાર્ય આધારિત

94....................... તંત્ર પર્યાવરણ સાથે આપ – લે કરી શકતું નથી. – બંધ

95......................... તંત્ર નવી ઊર્જા પ્રાપ્ત કરી શકે છે. – ખુલ્લું

96................. ની સીધી અસર નિર્ણય અને તેના અમલની ઝડપ પર પડે છે. – કેન્દ્રીકરણ – વિકેન્દ્રીકરણ

97.સામાન્ય રીતે વિજ્ઞાપન સંસ્થાઓ કે હોસ્પિટલો .................... સંરચના અપનાવે છે. – સમચોરસીય

98.ગ્રાહકોની ખરીદી અંગેના નિર્ણયોમાં ...................... મહત્વની ભૂમિકા ભજવે છે. – વિજ્ઞાપનો

99.અતિશય વસતી ભારતીય સમાજનાં મૂલ્યો અને ધોરણોને ખબર ન પડે એ રીતે હાનિ કરે છે, તેથી તે .................. સમસ્યા છે. – અપ્રગટ

100. ગંદા વસવાટોની સમસ્યા ગરીબાઈની પ્રાથમિક સમસ્યામાંથી ઊપજે છે, તેને ..................... સામાજિક સમસ્યા કહેવાય.
– બીજી કક્ષાની

101. જનસંપર્કનાં ઘણાં માધ્યમોમાં દર્શાવતી અર્ધનગ્નતાને ....................... દ્રષ્ટીબિંદુ પ્રમાણે સામાજિક સમસ્યા ગણી શકાય. – મૂલ્યલક્ષી ધોરણાત્મક

102. નીચી .................. પ્રેરણાને લીધે ગરીબ વ્યક્તિ ગજા બહારનું જોખમ લે છે. – સિદ્ધિ

103. ગરીબી ઘટાડવા માટે ......................... જૂથ અને સમુદાય કક્ષાએ એમ ત્રિપાંખિયો વ્યૂહ જરૂરી છે.
– વ્યક્તિ

104. ................... ને લીધે ભારતીયોમાં પરિહરણ, નિષ્ફળતાનો ભય, અતિઅનુરૂપતા અને મહેરબાની મેળવવાનાં વલણો સર્જાયાં છે. – પરાધિનતા

105. ..................... ને લીધે ભારતીયો જનહિતની સમસ્યાઓમાં પણ ‘મારે શું’ એમ કહીને ખસી જાય છે.
– અલિપ્તતા અને અપ્રતિબદ્ધતા

106. ભારતીય સમાજે વાદ્યવૃંદની જેમ ....................... શક્તિઓને સક્રિય કરવી જોઇએ.
– સહિયારાં લક્ષ્યો મેળવવાની

Astha Academy Mo.8980961441

107. વિવિધ માધ્યમોમાં સંદેશા છપાયેલા, દ્રશ્ય – શ્રાવ્ય અને ................ રૂપમાં આવે છે. – વિજાણુ

108. ટેલિવિઝનની અસર .................... ઉપર સૌથી વધારે થાય છે. – બાળકો

109. .................. તો દુનિયાના ખૂણેખૂણેથી માહિતીના દરવાજા ખોલી દીધા છે. – ઈન્ટરનેટે

110. ................. ને લીધે લોકોમાં ઉપભોક્તાવાદ ઝડપથી વધી રહ્યો છે. – ટીવી.

111. પ્રત્યાયનની અદ્યતન પદ્ધતિઓને લીધે લોકો વચ્ચે ...................... આંતરક્રિયાઓ ઝડપથી ઘટી રહી છે. – મોઢામોઢની

112. શહેરનું જીવન ................ હોવાથી શહેરીએ સતત ધ્યાન આપીને સક્રિય રહેવું પડે છે. – ખૂબ ઝડપી

113. શહેરી વ્યક્તિઓ વચ્ચેના સંબંધોમાં ................. ઓછી અને ................ વધારે હોય છે.
– ઉષ્મા, ઉપરની નમ્રતા

114. ભારતનાં શહેરોમાં ગંદા વિસ્તારો ગેરકાયદે અને .............. રીતે વધી રહ્યા છે. – બિનઆયોજિત

115. સલાહપ્રક્રિયામાં ત્રણ તત્ત્વો છેઃ (૧) સલાહાર્થી, (૨) ........................., અને (૩) ..................
– સલાહકાર, અને સલાહાર્થી વચ્ચે થતી આંતરક્રિયા

116. સલાહપ્રકરિયાનાં ત્રણ સોપાનોઃ (૧) પ્રારંભિક પ્રગટીકરણ, (૨) ........................., અને (૩) .................. – ઊંડાણમાં વિગતે તપાસ, કાર્યયોજના ઘડવી

117. પ્રત્યાયનમાં બે રીતે વ્યવહારો થાય છેઃ (૧) ................., (૨) ............... – શાબ્દિક, બિનશાબ્દિક

118. સારો પ્રત્યાયનકર્તા થવા માટે બે પ્રકારનાં કૌશલો હોવાં જરૂરી છે. (૧) ..................., (૨) ................ – સ્પષ્ટ અને અસરકારક બોલવું, અસરકારક રીતે ધ્યાનથી સાંભળવું

119. મુલાકાતનાં બે પ્રકારો છેઃ (૧) ................., (૨) ........................
– અરચિત મુલાકાત, રચિત મુલાકાત

120. મુલાકાતનાં ત્રણ સોપાનો છેઃ (૧) આવકાર અને તૈયારી, (૨) ..........................., (૩) ..................... – સવાલ – જવાબની બેઠક, મુલાકાતની પૂર્ણાહુતિ

121. બુદ્ધિ, મનોવલણો કે અભિરુચિ જેવાં લક્ષણોના માપનમાં ....................... તુલાનો ઉપયોગ થાય છે.
– મધ્યાંતરલક્ષી

122. ....................... તુલા નિરપેક્ષ કે વાસ્તવિક શૂન્યબિંદુ પર આધારિત છે. – ગુણોત્તરલક્ષી

123. ..............., .................. અને ........................ એ મધ્યવર્તી સ્થિતિનાં માપ છે.
– મધ્યક, મધ્યસ્થ, બહુલક

124. સૌથી મોટા અને સૌથી નાના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને .............. કહેવામાં આવે છે. – વિસ્તાર

125. સહસંબંધની કિંમતો ............. અને ................. વચ્ચે આવે છે. – -૧, + ૧

126. બુદ્ધિ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે ................ સહસંબંધ જોવા મળે છે. – ધન

**જોડકાં જોડો.**

| વિભાગ – અ | વિભાગ – બ |
|---|---|
| ૧. સામાજિક સુસાધ્યતા અંગેના અભ્યાસો | ૧.જય બી.પી. સિંહા |
| ૨. સામાજિક કામચોરી વિશેનું સંશોધન | ૨. પ્રાથમિક જૂથ |
| ૩. આજ્ઞાંકિતતાનો પ્રયોગ | ૩. એફ.એચ.ઓલપોર્ટ |
| ૪. પોષક કાર્ય નેતા | ૪. સ્વકીય જૂથ |
| ૫.રાજકીય પક્ષ | ૫. સ્ટેનલી મિલગ્રામ |
| ૬.કુટુંબ અને નજદીકના મિત્રો | ૬. ગૌણ જૂથ |
| ૭. મારી શાળા | ૭. લેટની અને તેના સાથીદારો |

જવાબ – ૧ – ૩, ૨ – ૭, ૩ – ૫, ૪ – ૧, ૫ – ૬, ૬ – ૨, ૭ – ૪

- **યોગ્ય વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.**

1. મુશ્કેલ પરિસ્થિતિમાંથી રસ્તો શોધવાની શક્તિને શું કહે છે ? – સૂઝ
2. યોગ્ય અને અયોગ્યનો તફાવત ઓળખવાની શક્તિને શું કહે છે ? – વિવેકશક્તિ
3. નવી માહિતી કે વિચારોને સમજવાની શક્તિને શું કહે છે ? – ગ્રહણશક્તિ
4. અન્ય વ્યક્તિઓની સમજ કે અપેક્ષા કરતાં અવનવું કાર્ય કરવાની શક્તિને શું કહે છે ? – ચાલાકી
5. કયા મનોવૈજ્ઞાનિકે આઠ પ્રકારની બુદ્ધિ સૂચવી છે ? – ગાર્ડનર
6. બુદ્ધિ અંગેનો ત્રિપુટી સિદ્ધાંત કોણે આપ્યો છે ? – સ્ટર્નબર્ગ
7. બુદ્ધિનો આયોજન, ધ્યાન અને પ્રક્રિયાનો 'પાસ' સિદ્ધાંત કોણે આપ્યો છે ? – જે.પી.દાસ
8. કયા પ્રકારની બુદ્ધિનો સંબંધ જીવસૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિ સાથે છે ? – નૈસર્ગિક બુદ્ધિ
9. લેખકોમાં કયા પ્રકારની બુદ્ધિ વધુ પ્રગટ થાય છે ? – ભાષાકીય બુદ્ધિ
10. નીચેનામાંથી કઈ વ્યક્તિમાં અવકાશીય બુદ્ધિ વધારે હોવી જરૂરી છે ? – શિલ્પીઓ
11. શરીરના અંગોના સુમેળભર્યા હલનચલનો કરવા અને તેમની દક્ષતા કેળવવા કયા પ્રકારની બુદ્ધિની જરૂર પડે છે ? – દૈહિક – શરીર ગતિશીલ બુદ્ધિ
12. કોઈ વ્યક્તિનો ફોટો જોતી વખતે તેના આખા ચહેરા પર એકસાથે ધ્યાન આપીએ છીએ. આ સમયે મગજમાં કઈ ક્રિયાઓ થાય છે ? – સમકાલીન

Astha Academy Mo.8980961441

13.છાપેલું વાક્ય વાંચતી વખતે એક પછી એક શબ્દ પર વારાફરતી ધ્યાન આપીએ છીએ. આ સમયે મગજમાં કઈ ક્રિયાઓ થાય છે ? – ક્રમિક

14.બુદ્ધિના ત્રણ પ્રકારો કોણે દર્શાવ્યા છે ? – સ્ટર્નબર્ગ

15.બુદ્ધિઆંકનો ખ્યાલ કોણે આપ્યો છે ? – સ્ટર્ને

16.કયા મનોવૈજ્ઞાનિકે રચેલી અશાબ્દિક બુદ્ધિકસોટી વિખ્યાત છે ? – રેવન

17.કઈ બુદ્ધિકસોટીમાં સમગ્ર બુદ્ધિઆંક ઉપરાંત બુદ્ધિનાં શાબ્દિક આંક અને ક્રિયાત્મક આંક મળે છે ?
- વેક્સલરની બુદ્ધિ કસોટીઓ

18.ભારતમાં બંગાળી ભાષામાં પ્રથમ બુદ્ધિકસોટીની રચના કોણે કરી હતી ? – મહાલનબીસ

19.સામાન્ય વસતીના કેટલા ટકા વ્યક્તિઓનો બુદ્ધિઆંક ૧૩૦થી વધુ હોય છે ? – ૨ ટકા

20.કેટલા બુદ્ધિઆંકવાળી વ્યક્તિને પ્રતિભાશાળી કહે છે ? – ૧૩૦ થી વધુ

21.કેટલા બુદ્ધિઆંકવાળી વ્યક્તિને માનસિક રીતે પછાત, મંદ કે મનોદુર્બળ કહે છે ? – ૭૦ થી ઓછા

22.૮ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે માર્ગદર્શન આપવા કઈ કસોટી વપરાય છે ?
– વિવિધલક્ષી અભિયોગ્યતા કસોટી

23.કોણે DAT નું રૂપાંતર કરીને તેનું ભારતીય રૂપ વિકસાવ્યું છે ? – જે.એમ. ઓઝા

24.કોના મત મુજબ આપણે આપણા ‘સ્વ’ વિશે વિવિધ રીતે વિચારીએ છીએ ? – હિગિન્સ

25.‘સ્વ’ ના ભારતીય પ્રતિમાનમાં રહેલાં પાસાંઓનું વિશ્લેષણ કોણે આપ્યું છે ? – આર.સી.ત્રિપાઠી

26.પરિસ્થિતિ પ્રત્યે લાક્ષણિક રીતે પ્રતિક્રિયા આપવાનું વલણ એટલે શું ? – પ્રકૃતિ

27.નિયમિત રીતે ઊપજતા વર્તનની સમગ્ર તરેહ એટલે શું ? – ચારિત્ર્ય

28.હિપોક્રેટિસના મત મુજબ કેવી વ્યક્તિઓ સક્રિય અને આનંદી હોય છે ? – રક્ત પ્રભાવી

29.હિપોક્રેટિસના મત મુજબ કેવી વ્યક્તિઓ ઉત્તેજનશીલ અને ક્રોધી હોય છે ? – પીળાપિત્ત પ્રભાવી

30.ક્રેશ્મર અને શેલ્ડનના મત મુજબ આંતરસ્તર પ્રધાનવાળી વ્યક્તિઓ કેવી હોય છે ?
– મિલનસાર અને આનંદી

31.ક્રેશ્મર અને શેલ્ડનના મત મુજબ મધ્યસ્તર પ્રધાનવાળી વ્યક્તિઓ કેવી હોય છે ?
– હિંમતવાન અને નેતૃત્વ લેનાર

32.ક્રેશ્મર અને શેલ્ડનના મત મુજબ બાહ્યસ્તર પ્રધાનવાળી વ્યક્તિઓ કેવી હોય છે ?
– કલાપ્રેમી અને મગજના કામ કરનારી

33.કોના મત મુજબ વ્યક્તિની ટેવો કરતાં તેના વ્યક્તિત્વ ગુણો વધુ વ્યાપક હોય છે ? – ગોર્ડન આલપોર્ટ

34.કોણે વ્યક્તિત્વના ૧૬ પ્રાથમિક ગુણો શોધ્યા છે ? – રેમન્ડ કેટલે

35.ગુણોની સુસંગતતા અંગે કોણે સંશોધનો કર્યા છે ? – મિશેલ

36.મનોગત્યાત્મક અભિગમમાં કોનો ફાળો સૌથી મોટો છે ? – સિગ્મંડ ફ્રોઈડ

37. કઈ બચાવપ્રયુક્તિમાં વ્યક્તિને જોખમ હોવા છતાં જોખમ છે જ નહિ એવું મનાવવાનો પ્રયત્ન કરે છે ?
– ઈનકાર કે અસ્વીકાર

38.કઈ બચાવપ્રયુક્તિમાં વ્યક્તિ પોતાનું ગૌરવ હણાશે એવા ભયને લીધે આવેશોને અજ્ઞાત મનમાં ધકેલી દે છે ? – દમન

39.કઈ બચાવપ્રયુક્તિને ખોટાં ઉપજાવી કાઢેલાં બહાનાં કાઢવાની પ્રયુક્તિ કહે છે ? – યૌક્તિકીકરણ

40.વ્યક્તિ પોતાનામાં રહેલા આવેશો કોઈ બીજી વ્યક્તિમાં રહેલા છે એવું કઈ બચાવપ્રયુક્તિમાં જણાવે છે?
– પ્રક્ષેપણ

41.કઈ બચાવપ્રયુક્તિમાં પુરુષોને આકર્ષવા અતિશય ફેશન કરનારી સ્ત્રી ‘પુરુષોની ગંદી નજર’ની ફરિયાદ કરે છે ? – પ્રક્ષેપણ

42.‘દ્રાક્ષ ખાટી છે’ એ કઈ બચાવપ્રયુક્તિનું ઉદાહરણ છે ? – યૌક્તિકીકરણ

43.કઈ બચાવપ્રયુક્તિમાં દુશ્મનનું બૂરું ઈચ્છનાર વ્યક્તિ દુશ્મનની સલામતી માટે વધુ ચિંતા વ્યક્ત કરે છે ? – વિરુદ્ધ પ્રતિક્રિયા

44.જે વ્યક્તિને સ્ત્રીઓની જાતીય સતામણી કરવાની ઈચ્છા થાય તે એના ઉકેલ તરીકે બીજાઓને બતાવવા જાતીય હુમલાખોરોથી મહિલાઓને બચાવવાની પ્રવૃતિ શરૂ કરે છે. આને કઈ બચાવપ્રયુક્તિ કહેવાય ?
– વીરોધી ભાવધારણ

45.કઈ બચાવપ્રયુક્તિમાં વ્યક્તિ પોતાના આક્રમકતાના આવેશને ઊંચા માર્ગે વાળવા લશ્કરમાં જોડાય છે. ?
– ઊર્ધ્વીકરણ

46.ફ્રોઈડ અજ્ઞાતમન સમજવાનો રાજમાર્ગ કોને ગણે છે ? – સ્વપ્ન

47.વ્યક્તિત્વનું ઊજળું અને સમાજ સ્વીકારે એવું પાસું કયું છે ? – બુરખો

48.વ્યક્તિત્વનું ક્રૂર અને દુષ્ટ પાસું કયું છે ? – તમસ્

49.પુરુષોના વ્યક્તિત્વનું જનાના પાસું કયું છે ? – સ્ત્રૈણતા

50.સ્ત્રીઓના વ્યક્તિત્વનું મર્દાના પાસું કયું છે ? – પૌરુષ

51.કોના મતે દરેક વ્યક્તિમાં પસંદ કરવાની અને સર્જવાની શક્તિ હોય છે ? – એડલર

52.કોના મતે બાળપણથી પ્રૌઢ વય સુધી વ્યક્તિત્વ આઠ તબક્કામાં વિકસે છે ? – એરિક્સન

53.સ્વસાર્થકતાનો સિદ્ધાંત કોણે આપ્યો છે ? – મેસ્લો

Astha Academy Mo.8980961441

54.કયો અભિગમ જીવનનાં વિધાયક પાસાંની અગત્ય દર્શાવે છે ? – માનવવાદી

55.શાહીનાં ધાબાંની પ્રવિધિ કોણે વિકસાવી છે ? – રોરશાક

56.વ્યક્તિની સામાજિક આંતરક્રિયા શેમાં થાય છે ? – જૂથ

57.જૂથને વ્યવસ્થિત કે સંગઠિત બનાવવા શેની આવશ્યકતા છે ? – ધોરણો

58.પ્રતિષ્ઠિત જૂથનું સભ્યપદ શેમાં અભિવૃદ્ધિ કરે છે ? – સ્વખ્યાલમાં

59.જૂથના સભ્યોનું એકબીજાને વળગી રહેવાના વલણને શું કહે છે ? – જૂથ – સંશક્તિ

60.જૂથ – સંશક્તિનો અભ્યાસ કઈ પદ્ધતિ દ્વારા થાય છે ? – સમાજમિતિ

61.જૂથની કઈ બાબત સભ્યો વચ્ચેનું આવેગિક જોડાણ દર્શાવે છે ? – સંલગ્નતા

62.વ્યક્તિની સામાજિકતા, મૂલ્યો, વલણો, પ્રેરણાઓ અને આદર્શો કયા જૂથમાં વિકાસ પામે છે ?– પ્રાથમિક

63.કયા જૂથોમાં સભ્યો વચ્ચેના સંબંધો અવૈયક્તિક, પરોક્ષ અને અમુક સમય પૂરતા મર્યાદિત હોય છે ?
– ગૌણ

64.નીચેનામાંથી કયું અપૌચારિક જૂથ છે ? – રાજકીય પક્ષ

65.નીચેનામાંથી કયું અનૌપચારિક જૂથ છે ? – કુટુંબ

66.સામાજિક સુસાધ્યતા વિશે કોણે સંશોધનાત્મક અભ્યાસો કર્યા છે ? – એફ.એચ.ઓલપોર્ટ

67.સામાજિક કામચોરી અંગેના સંશોધનો કોણે કર્યા છે ? – લેટની

68.કોના અભ્યાસો એવું દર્શાવે છે કે સત્તાધીશ વડે હુકમો આપવામાં આવે તો સામાન્ય વ્યક્તિઓ નિર્દોષ વ્યક્તિને પણ ઈજા કરે છે ?
– મિલગ્રામ

69.કયા નેતૃત્વનાં મુખ્ય લક્ષણોમાં વર્ચસ્વ અને આક્રમકતા હોય છે ?
– આપખુદ

70.કયા નેતૃત્વનું મુખ્ય ધ્યેય 'સર્વજન કલ્યાણ' નું હોય છે ? – લોકશાહી

71.પોષક કાર્ય નેતૃત્વ શૈલીનો ઉલ્લેખ કોણે કર્યો છે ? – જય બી.પી.સિંહા

72.કયા પ્રકારનું નેતૃત્વ જૂથના સભ્યોના વૃદ્ધિ – વિકાસને મદદ કરનારું છે ? – પોષક કાર્ય

73.કયા નેતૃત્વમાં નેતાની ભૂમિકા નિષક્રિય નિરીક્ષકની હોય છે ? – મુક્ત

74.નીચેનામાંથી કોને આપખુદ નેતા ગણવામાં આવે છે ? – હિટલર

75.નીચેનામાંથી કોને કરિશ્માતી નેતા ગણવામાં આવે છે ? – મહાત્મા ગાંધી

76.કયા નેતૃત્વમાં નેતા અનુયાયીઓને જૂથના કલ્યાણ માટે વ્યક્તિગત બલિદાન આપવાની પ્રેરણા આપે છે ?– કરિશ્માતી

77.કયા નેતાઓ સમાજમાં આમૂલ પરિવર્તન કે ક્રાંતિ લાવી શકે છે ?
– કરિશ્માતી

78.કયા નેતાઓ પ્રત્યાયનની સર્વોત્તમ કુશળતા ધરાવતા હોય છે ? – રૂપાંતરલક્ષી

79.નીચેનામાંથી કયું મનોવલણનું લક્ષણ નથી ? – કયારેક થયેલું વર્તન

80.સંમિલિત મૂલ્યકરણની તુલાની રચના કોણે કરી છે ? – લિકર્ટ

81.શાસ્ત્રીય અભિસંધાનનો પ્રયોગ કયા મનોવૈજ્ઞાનિકે કર્યો છે ? – પાવલોવ

82.શેનાથી વિધાયક મનોવલણ વિકાસ પામે છે ? – શાસ્ત્રીય અભિસંધાન

83.માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કોને માહિતી મેળવવાના સૌથી અગત્યના સાધન તરીકે સ્વીકારે છે ?
– ટેલિવિઝન

84.સ્ત્રી સ્વાતંત્ર્ય, પ્રેમલગ્ન અને છૂટાછેડા પ્રત્યેનાં મનોવલણોમાં કઇ ખાસિયતને કારણે પરિવર્તન આવતું નથી ? – આંતરસંબંધ

85.પૂર્વગ્રહ બાહ્ય વર્તનમાં અભિવ્યક્ત થાય ત્યારે શું કહેવાય ? – ભેદભાવ

86.જૂથ સંઘર્ષના ઉદ્ભવ માટેનાં પ્રયોગ કોણે કર્યા હતા ? – મુઝાફર શેરીફ

87.કઇ માનસિક પ્રક્રિયા દ્વારા માનવી સામાજિક જગત અને સામાજિક પરિસ્થિતિનો અર્થ કરે છે ?
– સામાજિક બોધન

88.આરોપણના સિદ્ધાંતનો સ્થાપક કોણ છે ? – ફ્રીત્ઝ હાઇડર

89.કાર્યકારણ આરોપણનું નવું પરિણામ કોણે ઉમેર્યું હતું ? – વિનર

90.મનોવલણની પ્રચલિત તુલા પદ્ધતિઓ કોણે વિકસાવી હતી ? – થર્સ્ટોન

91.આપણી જાત અને આપણા પર્યાવરણ વચ્ચે ચાલતી આંતરક્રિયાનું પરિણામ કયું છે ? – સમાયોજન

92.ધમકી, હતાશા કે સંઘર્ષની એવી પરિસ્થિતિ જે વ્યક્તિની શારીરિક કે માનસિક શક્તિ પર ભારરૂપ બને તેને શું કહે છે ? – મનોભાર

93.મૂલ્યાંકનને બે તબક્કાઓમા કોણે વર્ગીકૃત કર્યા છે ? – રિચાર્ડ લેઝારસ

94.એકલતા, સંબંધોમાં તિરાડ વગેરે કયા પ્રકારના મનોભારક કહેવાય ? – સામાજિક

95.પસ્તાવો, આઘાત વગેરે કયા પ્રકારના મનોભારક કહેવાય ? – મનોવૈજ્ઞાનિક

96.કયા શરીર વૈજ્ઞાનિકે સ્વયંસંચાલિત ચેતાતંત્રની સમગ્ર પ્રક્રિયાનું વૈજ્ઞાનિક વર્ણન કર્યું છે ?– વોલ્ટર કેનન

97.કયા પ્રકારના મનોભારની નિષેધક અસર સૌથી તીવ્ર અને હાનિકારક હોય છે ?
– મોટા આઘાતજનક બનાવો

98.કઇ પ્રતિક્રીયાથી આવેગાત્મક મનોભાર અને પીડામાં રાહત થાય છે ? – રડવું

Astha Academy Mo.8980961441

ASTHA ACADEMY, Sector 22, Gandhinagar Mo. 8980961441

99. મનોભારની શારીરિક પ્રતિક્રિયાઓની સમજૂતી કયા મનોવૈજ્ઞાનિકે સામાન્ય અનુકૂલન લક્ષણગુચ્છના સિદ્ધાંત વડે આપી છે ? – હાન્સ સેલી

100. અંતઃસ્ત્રાવી ગ્રંથિઓનો અભ્યાસી કોણ હતો ? – હાન્સ સેલી

101. કઇ કસરતો વ્યક્તિની સહનશક્તિ અને મનોભારના પ્રતિકારની શક્તિમાં વધારો કરે છે ? – ધ્યાન ઝેન

102. 'મુક્ત રીતે તર્યા કરતી ચિંતા' બીજા કયા નામથી ઓળખાય છે ? – સામાન્યીકૃત વિકૃત ચિંતા

103. કોના મત મુજબ સામાજિક વિકૃતભય પૌગંડાવસ્થા દરમિયાન વિકસે છે ? – હિર્શફિલ્ડ તથા જેફરસન

104. 'કેટલીક વ્યક્તિઓ જાહેરમાં પ્રવચન કરતી વખતે ભય અનુભવે છે' આ કયા પ્રકારનો ભય છે ?
- સામાજિક વિકૃતભય

105. રેલવે, ટ્રેન, એરોપ્લેન વગેરેના ભયનો સમાવેશ કયા પ્રકારના ભયમાં થાય છે ?
– પરિસ્થિતિજન્ય વિકૃતભય

106. વાવાઝોડાં, પાણી, ઊંચી જગ્યાના ભયનો સમાવેશ કયા પ્રકારના ભયમાં થાય છે ?
– નૈસર્ગિક પર્યાવરણ સાથે સંબંધિત વિકૃતભય

107. નૈસર્ગિક પર્યાવરણ સાથે સંબંધિત વિકૃતભયનું વર્ગીકરણ કોણે કર્યું છે ? – ફેડરીક

108. કૂતરા, સાપ, જીવજંતુ વગેરેના ભયનો સમાવેશ કયા પ્રકારના ભયમાં થાય છે ?
– પ્રાણીઓ સાથે સંકળાયેલા ભય

109. લોહી જોવાના પ્રસંગે ઊભા થતા ભયનો સમાવેશ કયા પ્રકારના ભયમાં થાય છે ? – ઇજા સંબંધી ભય

110. 'કેટલીક વ્યક્તિઓ ટ્રાફિક જોઇને હેબતાઈ જાય છે.' આ કયા પ્રકારનો ભય છે ? – ખુલ્લી જગ્યાનો ભય

111. ખૂબ જ પ્રિય વ્યક્તિની હત્યા કરી નાખવાના આવતા વિચારો કઇ વિકૃતિ કહેવાય ?
– અનિવાર્ય વિચાર દબાણ વિકૃતિ

112. વારંવાર હાથ ધોયા કરવાના આવતા વિચારો કઇ વિકૃતિ ગણાય ? – અનિવાર્ય ક્રિયા દબાણ વિકૃતિ

113. કયા પ્રકારની વિકૃતિ કયારેક વર્ષો સુધી ઓળખાયા વગરની રહે છે ? – વિષણ્ણમનસ્ક

114. ગંભીર પ્રકારનો મનોરોગ કયો છે ? – વિકૃતિછિન્ન ભાવાત્મક વ્યક્તિત્વવાળી

115. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ શંકાશીલ, અવિશ્વાસુ જોવા મળે છે ? – વ્યામોહાત્મક વ્યક્તિત્વવાળી

116. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ ઉત્સાહ વગરની, રમૂજીવૃતિ વિનાની જોવા મળે છે ?
– છિન્ન વ્યક્તિત્વવાળી

117. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ વર્તનની વિચિત્ર રીતો ધરાવતી હોય છે ?
– છિન્ન ભાવાત્મક વ્યક્તિત્વવાળી

118. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ વધારે પડતી અભિવ્યક્તિ કરનારી હોય છે ? – દંભી વ્યક્તિત્વવાળી

119. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ પોતાની જાતના પ્રેમમાં હોય છે ? – આત્મરત વ્યક્તિત્વવાળી

120. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ આંતરવૈયક્તિક સંબંધોમાં સ્થિરતા જાળવી શકતી નથી ?
– સીમારેખીય વ્યક્તિત્વવાળી

121. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ સામાજિક આંતરક્રિયાથી દૂર રહે છે ? – પરિહારક વ્યક્તિત્વવાળી

122. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ પોતાના બધા જ અગત્યના નિર્ણયોની બાબતનાં બીજા પર આધાર રાખે છે ? – પરાવલંબી વ્યક્તિત્વવાળી

123. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ અસાયોજક, રૂઢ અને નવું ન સ્વીકારવાની વૃતિવાળી હોય છે ?
- અનિવાર્ય વિચાર –કર્તૃત્વ દબાણ વ્યક્તિત્વવાળી

124. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ પોતાનો રોષ અને વેર આડકતરી રીતે વ્યક્ત કરે છે ?
– નિષ્ક્રિય આક્રમક વ્યક્તિત્વવાળી

125. કઇ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ પોતાનાં હિતોનો અતિશય ભોગ આપી દે છે ?
– સ્વપરાભવક વ્યક્તિત્વવાળી

126. કોના મતે મનોપચાર એટલે રોગોને દૂર કરવાના ઈરાદા સાથે કરવામાં આવતી માનસિક ક્રિયાઓના ઉપાયોની ક્રિયા ? – લેન્ડિસ અને બોલ્સ

127. કોના મતે મનોપચારમાં મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓથી આવેગાત્મક અને અસમાયોજિત વર્તનનો ઉપચાર કરવામાં આવે છે ? – કિસકર

128. કયા તબક્કામાં મનોપચાર દર્દી સાથે સાયુજ્ય સ્થાપન કરે છે ? – આરંભના તબક્કામાં

129. કઇ ઉપચાર પદ્ધતિમાં દર્દીને બેભાન કરવામાં આવે છે ? – ઈન્સ્યુલિન ઉપચાર

130. કોણે વ્યાવસાયિક રીતે મગજના ખંડની વાઢકાપની શરૂઆત કરી ? – મોનિઝે

131. મનોગત્યાત્મક ઉપચાર પદ્ધતિની શરૂઆત કોણે કરી હતી ?
– સિગ્મંડ ફ્રોઈડ

132. કઇ ઉપચાર પદ્ધતિમાં સ્વપ્નોનું મનોવૈજ્ઞાનિક અર્થઘટન કરવામાં આવે છે ? – મનોગત્યાત્મક ઉપચાર

133. કોના મત અનુસાર 'સ્વપ્નો એ અજાગ્રત મનના રાજમાર્ગો છે' ? – ફ્રોઈડ

Astha Academy Mo.8980961441

134. કોણે ઈ.સ. ૧૯૨૦માં મનોરોગોના ઉપચારમાં અભિસંભાનના સિદ્ધાંતનો ઉપયોગ કર્યો હતો ?
– જે.બી.વોટસન

135. ઈ.સ. ૧૯૫૦માં 'વાર્તનિક અભિગમ' ને વર્તન ઉપચાર નામ કોણે આપ્યું ? – લિન્ડસ્લે અને સ્કિનર

136. વિકૃતિભય અને વર્તન ચિંતાની વિકૃતિમાં વાર્તનિક ઉપચારનો ઉપયોગ કયા ઉપચારકે કર્યો હતો ?
– વોલ્પે

137. વિસંવેદનીકરણ કરતાં સંપૂર્ણ વિપરીત પદ્ધતિ કઇ છે ? – વિસ્ફોટ ઉપચાર

138. કઈ પદ્ધતિમાં દર્દીને ચિંતા પ્રેરતી હોય તેવી વાસ્તવિક જીવનની પરિસ્થિતિનો સીધો અનુભવ કરાવવામાં આવે છે ? – સ્વાનુભૂતિ

139. કઈ ઉપચાર પદ્ધતિમાં દર્દીની સામે યોગ્ય વર્તનના નમૂનાઓનું પ્રદર્શન કરવામાં આવે છે ?
– નિદર્શન પદ્ધતિ

140. કઈ ઉપચાર પદ્ધતિ દ્વારા વ્યક્તિ પોતાના વાતાવરણ પર નિયંત્રણ રાખવાનું શીખી શકે છે ?
– પ્રતીક વિનિમય

141. બોધાત્મક ઉપચાર પદ્ધતિની શરૂઆત કોણે કરી હતી ? – આલ્બર્ટ એલિસ અને અરોન બેક

142. તાર્કિક – ભાવાત્મક ઉપચાર પદ્ધતિ કોણે વિકસાવી છે ? – એલિસ

143. 'યોગસૂત્ર' ની રચના કોણે કરી છે ? – મહર્ષિ પતંજલિ

144. યોગમાં સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા કઇ છે ? – પ્રત્યાહાર

145. મન અને શરીરને સ્થિર કરનાર ચોક્કસ પ્રકારની શારીરિક સ્થિતિની તરેહને શું કહે છે ? – આસન

146. શ્વાસને છાતીમાં ભરવાની ક્રિયાને શું કહે છે ? – પૂરક

147. માનવસર્જિક મૂર્ત અને અમૂર્ત સામગ્રીનો સમાવેશ શેમાં થાય છે ? – સાંસ્કૃતિક પર્યાવરણ

148. આબોહવા, ઉષ્ણતામાન, વરસાદ વગેરેનો સમાવેશ શેમાં થાય છે ? – ભૌતિક પર્યાવરણ

149. ધોરણો, રિવાજો, સમાજીકરણની પ્રક્રિયાઓ વગેરેનો સમાવેશ શેમાં થાય છે ? – સામાજિક પર્યાવરણ

150. કોણે જીવન અવકાશનો ખ્યાલ આપ્યો છે ? – કર્ટ લેવિન

151. કોણે પર્યાવરણને તેના ક્રમ પ્રમાણે પાંચ તંત્રોના ખ્યાલ દ્વારા સમજાવ્યું છે ? – બ્રોનફેનબ્રેનરે

152. અંગત જીવનમાં ઊણપ અને સામાજિક સંઘર્ષોમાં વધારો એ શેનું મહત્વનું પરિણામ છે ? – ગીચતા

153. કયો દેશ પૃથ્વી પરની વ્યાવસાયિક ઊર્જામાંથી પચીસ ટકા ઊર્જા વાપરે છે ? – અમેરિકા

154. મહાસાગરોના પાણીની સપાટી વધવાથી કયા દેશના ત્રણ ટાપુઓ પાણીની અંદર સમાઈ ગયા છે ?
– માલદીવ

155. હવામાં કયો વાયુ ઘટે તો વધુ વૃક્ષો ઉછેરવા પડે ? – ઓક્સિજન

156. સંયુક્ત રાષ્ટ્રોના અહેવાલ મુજબ પૃથ્વી પરનો કયો પ્રદેશ ત્રણ કિલોમીટર ઊંડા પ્રદૂષણથી લપેટાઈ ગયો છે ? – દક્ષિણ એશિયા

157. કયું પ્રદૂષણ ધ્યાનની એકાગ્રતા પર અસર કરે છે ? – ઘોંઘાટ

158. ૨૧૦૦ની સાલમાં પૃથ્વી પરની સપાટી પર સરેરાશ કેટલી ડિગ્રી ફેરનહીટ હવાનું તાપમાન વધી જશે ? – ૩.૫

159. તંત્રના બે પ્રકારો કોણે વર્ણવ્યા છે ? – કાટ્ઝ અને કાહન

160. એન્જિન ઈંધણ હોય ત્યાં સુધી ચાલે. આ સ્થિતિને શું કહેવાય ? – ઊર્જા વિલય

161. કયા કારણે વ્યક્તિઓ કોઈ એક પ્રવૃતિના અમુક ચોક્કસ કાર્યમાં નિષ્ણાત બને છે ? – કાર્યવિશિષ્ટીકરણ

162. કઇ બાબતોનો સીધો સંબંધ સંસ્થામાં ઉચ્ચ હોદ્દાથી નિમ્ન હોદ્દા સુધી અધીકારક્રમ સાથે છે ?
– આદેશ શૃંખલા

163. શેના આધારે સંસ્થામાં વ્યવસ્થાપકોના સ્તરોની સંખ્યા નક્કી કરાય છે ? – નિયંત્રણ વિસ્તાર

164. કઇ સંરચનાને 'સપાટ સંરચના' કહે છે ? – સરળ

165. કઇ સંરચના પરિસ્થિતિને ઝડપથી પ્રતિભાવ આપે છે ? – સરળ

166. કઇ સંરચનામાં તેનાં રોજિંદા કાર્યો પણ વિશિષ્ટીકરણ, નિયમોનાં ઔપચારીક માળખા અને કાર્યોને આવરી લેતી પ્રવૃતિઓ વડે જ પાર પડાય છે ? – અમલદારશાહી

167. આધુનિક સમયમાં મોટા ભાગની સંસ્થાઓમાં કઇ સંરચના પ્રચલિત છે ? – અમલદારશાહી

168. વિજ્ઞાપન સંસ્થાઓ, હોસ્પિટલો, યુનિવર્સિટીઓ વગેરે કઇ સંરચનાઓ અપનાવે છે ? – સમચોરસીય

169. અસરકારક ધ્યેયપ્રાપ્તિ માટે શું આવશ્યક છે ? – સંગઠન

170. કર્મચારીની પ્રવૃતિઓની તુલના, મૂલ્યાંકન અને નિયમનનો સમાવેશ શેમાં થાય છે ? – નિયંત્રણ

171. કોણે વ્યવસ્થાપકો માટેની ૧૦ ભૂમિકાઓ તારવી છે ? – મિન્ટ્ઝબર્ગ

172. કઇ પદ્ધતિનો ઉપયોગ વિશેષરૂપે બૌદ્ધિક કક્ષા, પ્રેરણા અને આંતરવૈયક્તિક કૌશલ્યોના માપન માટે કરાય છે ? – મુલાકાત

173. નીચેનામાંથી કઇ પ્રગટ સમસ્યા છે ? – ગરીબી

174. નીચેનામાંથી ત્રીજી કક્ષાની સામાજિક સમસ્યા કઇ છે ? – બાળગુનેગારી

175. નીચેનામાંથી બીજી કક્ષાની સામાજિક સમસ્યા કઇ છે ? – ગંદા વસવાટો

176. કોણે તેહરીબંધ યોજનાને પર્યાવરણનું નિકંદન કાઢનારી ગણી છે ? – સુંદરલાલ બહુગુણા

Astha Academy Mo.8980961441

177. કયા દ્રષ્ટિબિંદુ પ્રમાણે જનસંપર્કનાં ઘણાં માધ્યમોમાં દર્શાવાતી 'અર્ધનગ્નતા' ને સામાજિક સમસ્યા ગણી શકાય ? – મૂલ્યલક્ષી ધોરણાત્મક

178. 'ભ્રષ્ટાચાર' એ સામાજિક સમસ્યા કયા દ્રષ્ટિબિંદુથી કહેવાય છે ? – આત્મલક્ષી

179. કયા દ્રષ્ટિબિંદુ પ્રમાણે 'આતંકવાદી સંગઠનો' એ સામાજિક સમસ્યા છે ? – કાર્યાત્મક

180. કયા દ્રષ્ટિબિંદુ પ્રમાણે 'હિંસા અને બળાત્કાર' એ સામાજિક સમસ્યા છે ? – વસ્તુલક્ષી

181. પાયાની જરૂરિયાતો સંતોષવાની સમસ્યા કઇ છે ? – સલામતીની

182. સામાજિક બાબતો અંગેની સમસ્યા કઇ છે ? – અતિશય વસતી

183. નાગરિકોના વર્તન અંગેની સમસ્યા કઇ છે ? – રાષ્ટ્રીય ચારિત્ર્યનો અભાવ

184. સરકારી સમસ્યાઓ કઇ છે ? – સંસાધનોની વહેંચણીમાં વ્યક્તિગત અન્યાય

185. સંયુક્ત રાષ્ટ્રની વિકાસ સંસ્થાના માનવવિકાસ આંક પ્રમાણે ૧૬૨ દેશોમાં ભારત કયા ક્રમે છે ?
– ૧૧૫માં ક્રમે

186. કઇ સમસ્યા તુલનાત્મક આર્થિક ખ્યાલ છે ? – ગરીબાઈ

187. કઇ પરિસ્થિતિ વ્યક્તિને ઇચ્છા પ્રમાણે જીવન જીવવાના સાર્થ્યથી વંચિત રાખે છે ? – ગરીબાઈ

188. કઇ સમસ્યામાં આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક ઘટકોનું સંયોજન થાય છે ?
– ગરીબાઈ અને સામાજિક ગેરલાભ

189. કઇ પ્રેરણાને લીધે ગરીબ વ્યક્તિ ગજા બહારનું જોખમ લે છે ?
– સિદ્ધિની નીચી પ્રેરણા

190. વિનોબા ભાવેએ ગરીબોને મદદ કરવાની કઇ બિનસરકારી પ્રવૃતિ કરી હતી ? – ભૂદાન ચળવળ

191. રાષ્ટ્રીયતાનું મૂળ કયું છે ? – સંલગ્નતાની લાગણી

192. કોના મત મુજબ જૂથો વચ્ચેના તનાવનો ઉકેલ જૂથની અંદરના પ્રસન્ન અને પરોપકારી વ્યક્તિઓ વડે જ આવી શકે છે ?
– આલપોર્ટ

193. 'સેવા' નામનું સ્વરોજગાર કરતી સ્ત્રીઓનું સહકારી મંડળ કયા રાજ્યમાં છે ? – ગુજરાત

194. કયા માધ્યમે દુનિયાના ખૂણેખૂણેથી માહિતીના દરવાજા (જ્ઞાનવિસ્ફોટ) ખોલી દીધા છે ? – ઇન્ટરનેટ

195. રાષ્ટ્રીય એકમો માટે જીવોમાં કઇ લાગણી વિકસાવવી જરૂરી છે ? – સંલગ્નતાની લાગણી

196. કયા પર્યાવરણવાદી 'ચીપકો આંદોલન' ચલાવે છે ? – સુંદરલાલ બહુગુણા

197. વ્યક્તિઓને મૂંઝવતી માનસિક સમસ્યાઓના ઉકેલ માટે મનોવિજ્ઞાનની કઇ શાખા અસ્તિત્વમાં આવી છે ? – સલાહ

198. મૂંઝાયેલી વ્યક્તિને શું કહેવામાં આવે છે ? – સલાહાર્થી

199. મૂંઝવણ અનુભવતી વ્યક્તિને સહાય કરવાનું કાર્ય કોણ કરે છે ? – સલાહકાર

200. સલાહકાર સલાહાર્થી પ્રત્યે કઇ લાગણી બતાવી તેનો વિશ્વાસ જીતી શકે છે ? – પરાનુભૂતિ

201. મનોવૈજ્ઞાનિક લક્ષણોને માપદંડથી માપવાનો પ્રથમ પ્રયત્ન કોણે કર્યો ? – સર ફ્રાન્સિસ ગાલટન

202. મનોવૈજ્ઞાનિક લક્ષણો માપવા માટેની મનોવિજ્ઞાનની શાખાને શું કહે છે ? – મનોમાપન

203. મનોમાપનનો સૌપ્રથમ પ્રયત્ન કયા મનોવિજ્ઞાનીએ કર્યો ? – ફ્રાન્સિસ ગાલ્ટને

204. કસોટીકરણમાં સંચાલન કરનાર અધિકારીને શું કહે છે ? – પરીક્ષક

205. શેના વિના કોઇ પણ પ્રકારના સામાજિક જીવનની કલ્પના થઇ શકતી નથી ? – પ્રત્યાયન

206. અર્થનું સંક્રમણ અને તેની સમજણ શેમાં અભિપ્રેત છે ? – પ્રત્યાયન

207. વ્યક્તિને હૂંફ, આશ્વાસન, વિશ્વાસ અને ખાતરીનો અનુભવ કરાવવા માટે અગત્યનું વાહક કયું છે ?
– સ્પર્શ

208. મનોવિજ્ઞાનીઓના મત મુજબ મુલાકાત વિશેના પચાસ ટકા નિર્ણયો ક્યારે લેવાઈ જાય છે ?
– પ્રથમ આઠ સેકન્ડમાં

209. પ્રાથમિક સ્તરની માપનતુલા કઈ છે ? – નામલક્ષી

210. કઈ તુલા ચોક્કસ વસ્તુ, વ્યક્તિ કે લક્ષણની ઓળખ માટે પ્રયોજાય છે ? – નામલક્ષી

211. વર્ગમાં વિદ્યાર્થીઓને રોલનંબર આપવા માટે કઇ તુલાનો ઉપયોગ થાય છે ? – નામલક્ષી

212. નામલક્ષી માપનો કયા મનોવૈજ્ઞાનિકો માટે ઉપયોગી છે ? – સમાજ

213. વર્ગમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણને આધારે તેમને ક્રમમાં ગોઠવવા કઇ તુલાનો ઉપયોગ થાય છે ?
– ક્રમલક્ષી

214. કઇ તુલામાં માપનના સમાન એકમોનો ઉપયોગ થાય છે ? – મધ્યાંતરલક્ષી

215. બુદ્ધિમાપન અને બુદ્ધિકસોટી એ કઇ તુલાનું ઉદાહરણ છે ? – મધ્યાંતરલક્ષી

216. કઇ તુલા વધુ ચોકસાઇ ધરાવતું અને અસરકારક માપન છે ?
– ગુણોત્તરલક્ષી

217. કયા આલેખ નામલક્ષી કે ક્રમલક્ષી માપનતુલાઓ દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનું વિતરણ દર્શાવે છે ?

Astha Academy Mo.8980961441

– પટ્ટી આલેખ

218. મધ્યવર્તી સ્થિતિના કયા માપને સરાસરી પણ કહે છે ? – મધ્યક

219. મધ્યવર્તી સ્થિતિના પ્રાપ્તાંકોની શ્રેણીમાં કયો પ્રાપ્તાંક એવો છે જેની નીચે અડધા પ્રાપ્તાંક અને ઉપર અડધા પ્રાપ્તાંક રહેલા હોય છે ? – મધ્યસ્થ

220. પ્રાપ્તાંકોની શ્રેણીમાં જે પ્રાપ્તાંક સૌથી વધુ વખત આવ્યો હોય તેને શું કહેવામાં આવે છે ? – બહુલક

